

સરદાર જયંતિની ઉજવણી - ગાંધીનગર શહેરમાં અખંડ ભારતના શિલ્પી સરદાર વલ્લભભાઈ પટેલની જન્મ જયંતિની ભાવપૂર્વક ઉજવણી કરાઈ હતી.વહેલી સવારે સચિવાલય સંકુલમાં સરદાર પટેલની પ્રતિમા પર નગરના વિવિધ આગેવાનોએ પુષ્પાંજલિ અર્પણ કરી હતી. સવારે ૧૦ વાગે સૌરાષ્ટ્ર પટેલ સમાજની વાડીમાં રક્તદાન શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં સેંકડો નગરજનોએ રક્તદાન કરી સામાજિક સેવાનું અનોખું ઉદાહરણ પુરું પાડ્યું હતું. એ જ સમયે શ્રી મણીભાઈ પટેલના વ્યાસાસને સરદાર કથાનું આયોજન કરાયું હતું. સરદાર કથાના શ્રવણ માટે અગ્રણી નાગરિકો મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા. મોડી રાત્રે ઉમિયા સંકુલમાં 'સરદાર' ફિલ્મનું નિદર્શન કરાયું હતું. આમ દિવસભર ગાંધીનગર સરદારમય બની ગયું હતું... (તસવીર : દિપક જાની)

# ગાંધીનગરના મુખ્ય બજારો દિવાળીની ઘરાકીથી ભરચક

**શહેરના તમામ બજારોમાં ઉભરાતી ભીડ : તૈયાર કપડાથી લઈને ઘર સજાવટની ચીજવસ્તુઓ ખરીદવા ગ્રાહકોની પડા પડી**

ગાંધીનગર, તા.૩૧

દિવાળી સાવ નજીક આવી છે ત્યારે બજારોમાં બજારોમાં રોનક દેખાઈ છે. શહેરના સેકટર-૨૧, સેકટર-૨૪, સેકટર-૭, ઈન્ફોસિટીના બજારોમાં ખુબ ભીડ છે. તૈયાર વસ્ત્રો, દાગીના-બુટ ચંપલ, ક્રોકરી, ઘરની સાજ સજાવટની ચીજવસ્તુઓ, મીઠાઈ, ફરસાણ, ફટાકડા જેવી ચીજવસ્તુઓની મોટા પાયે ખરીદી થઈ રહી છે. મીઠાઈ અને ફરસાણની દુકાનોવાળાઓએ તો ખાસ મંડપ બનાવી ઘરાકીને પહોંચી વળવાનું આયોજન કર્યુ છે. ફટાકડા બજારોમાં પણ ઘરાકી દેખાઈ રહી છે. હજુ જેમ દિવાળી નજીક આવશે તેમ



ઘરાકી નીકળતા વેપારી આલમ ખુશખુશાલ છે. આજે રજાના દિવસે વહેલી સવારથી મોડી રાત સુધી બજારોમાં ભીડ ઉભરાઈ હતી.

મોંઘવારીનો માર સહન કરી રહેલી પ્રજાએ શરૂઆતના દિવસોમાં ખરીદીમાં ઉદાસીનતા દાખવી હતી. કાપડ બજારથી લઈને સોની બજારમાં ઘરાકી શુષ્ક રહી હતી. પરંતુ સરકારે દિવાળી પહેલા જ પગાર કરી દેતા અને કંપનીઓએ કર્મચારીઓને



બોનસ આપી દેતા બજારો ઘરાકોથી ઉભરાઈ રહ્યા છે. શહેરની આસપાસના ગ્રામ્ય વિસ્તારોના ખેડૂત વર્ગ પાસે સારા ચોમાસાના કારણે નાણાંની પ્રવાહિતતા આવી જતા ફટાકડા બજારમાં વધુ ઘરાકી દેખાશે તેવો વેપારીઓ વિશ્વાસ વ્યકત કરી રહ્યા છે. સવારથી બપોર સુધી ગ્રામ્ય

● અનુસંધાન પાન-૭ પર

# બાઈસેગના કર્મચારીઓ આંદોલનના માર્ગે

**બાઈસેગના ૩૦૦ કર્મચારીઓ પગાર વધારાના મુદ્દે આંદોલન છેડ્યું : આજે ઉગ્ર દેખાવો થશે**

ગાંધીનગર, તા.૩૧

દિવાળી ટાંણે વેતન વધારાની માંગ સાથે બાયસેગમાં ફરજ બજાવતા ૩૦૦ કર્મચારીઓ કામ બંધ કરી હડતાળ પર ઉતરી ગયા છે. ભકિત કન્સલ્ટન્સીના માધ્યમથી ફરજ બજાવતા કર્મચારીઓએ આગ ઝરતી મોંઘવારીમાં વેતન વધારો નહીં થાય તો આંદોલનની રાહ અપનાવવાની ચિમકી પણ ઉચ્ચારી છે.

બાઈસેગમાં ફરજ બજાવતા કર્મચારીઓએ આ અંગે તેમની રજૂઆતમાં જણાવ્યા અનુસાર ભકિત કન્સલ્ટન્સી દ્વારા બાયસેગમાં જી.એમ.એમ. ઓપરેટર તરીકે કામ કરીએ છીએ. પરંતુ અન્ય સંસ્થાઓની સરખામણીમાં બાઈસેગ વેતન વધારો ચુકવતી નથી. જેના પરિણામે કારમી મોંઘવારીમાં પરીવારજનોનું ગુજરાન ચલાવવાનું કામ મુશ્કેલ બન્યું છે. બાયસેગમાં ૩૦૦ ઓપરેટરો ફરજ બજાવે છે. જયારે વેતન વધારા અંગે બાઈસેગના નિયામકને રજૂઆત કરવા છતાં કોઈ સંતોષકારક જવાબ મળતો નથી. બીજી તરફ પગાર વધારાની માંગણી સામે મુદત પુરી થયા બાદ કોન્ટ્રાકટ રીન્યુ નહીં કરવાની ધમકી આપી ફરજ પરથી બરતરફ કરવાનું સુણાવી દેવાયું છે. જયારે આ મામલે બાયસેગના ઓપરેટરોના વેતનમાં વધારો કરવા ભકિત કન્સલ્ટન્સીના મેનેજરને રજૂઆત કરવામાં આવી છે. વધુમાં વેતન વધારો નહીં થાય તો આંદોલનની રાહ અપનાવાશે તેવી ચિમકી પણ ઉચ્ચારવામાં આવી છે.

### ૨૪ કલાકમાં ફરજ પર હાજર નહીં થાય તો આકરા પગલાં લેવાશે!

બાઈસેગના કર્મચારીઓએ કોઈ પણ જાતના કારણ વગર ગત તા. ૨૩ ઓકટોબરથી કામ બંધ કરી દીધું છે. જેના પરિણામે કામની વ્યવસ્થા ચાલુ રાખવાનું મુશ્કેલ બન્યું છે. આવા સંજોગોમાં કર્ચમારીઓને ભકિત કન્સલ્ટન્સી દ્વારા તાકીદ કરવામાં આવી છે જો ૨૪ કલાકમાં રાબેતા મુજબ કામ ચાલુ કરવામાં નહીં આવે તો સંસ્થા દ્વારા આકરા પગલા લેવામાં આવશે.

# સ્ટેચ્યુ ઓફ યુનિટીનો શિલાન્યાસ વિધિ સંપન્ન

**લોહપુરુષ સરદાર પટેલની વિશ્વમાં સૌથી ઊંચી પ્રતિમા બનશે : ભારતને શ્રેષ્ઠ બનાવવા માટે એક્તાની શક્તિથી જોડવાનું આ મહાઅભિયાન હોવાનો મોદીએ દાવો કર્યો : સરદાર પટેલને કોઈ પક્ષ સાથે જોડવાથી અન્યાય**

અમદાવાદ, તા.૩૧

ગુજરાતના મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીએ આજે નર્મદા નદી તટે લોહપુરૂષ સરદાર પટેલની વિશ્વની સૌથી ઉંચી પ્રતિમા સ્ટેચ્યુ ઓફ યુનિટીના નિર્માણનો શિલાન્યાસ કરતાં ગૌરવ પૂર્વક જાહેર કર્યું હતું કે, ભારતને શ્રેષ્ઠ બનાવવા માટે એકતાની શક્તિથી જોડવાનું આ અભિયાન છે. દુનિયામાં ભારતનો વૈશ્વિક પ્રભાવ ઉભો કરશે એવો નિર્ધાર તેમણે વ્યક્ત કર્યો હતો.

સરદાર વલ્લભભાઈ પટેલની ૧૩૮મી જન્મજયંતિના અવસરે આજે નર્મદા નદી ઉપરના સરદાર સરોવર ડેમ નજીક સ્ટેચ્યુ ઓફ યુનિટીના નિર્માણનો શિલાન્યાસ મુખ્યમંત્રીએ કર્યો હતો. ભારતના પૂર્વ નાયબ વડાપ્રધાન એલ.કે. અડવાણી અને દેશના આમંત્રિત મહાનુભાવોની ઉપસ્થિતિમાં બપોરના ૧૨:૩૯ કલાકે નરેન્દ્ર મોદીએ આ ઐતિહાસિક પ્રોજેક્ટનું ભૂમિપૂજન કર્યું હતું.

● અનુસંધાન પાન-૭ પર



# અડવાણીએ મુખ્યમંત્રીની ફરી કરેલી ભરપૂર પ્રશંસા

અમદાવાદ,તા.૩૧

સરદાર જયંતિના અવસરે સરદાર સરોવર ડેમ નજીક સરદાર પટેલની ૧૮૨ મિટરની વિરાટ પ્રતિમાનો શિલાન્યાસ કરવામાં આવ્યો ત્યારે ભાજપના વરિષ્ઠ નેતા અને ભૂતપુર્વ નાયબ વડાપ્રધાન એલકે અડવાણી પણ ઉપસ્થિત રહ્યા હતા. એલકે અડવાણીએ આ પ્રસંગે ગુજરાતના મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીની ભરપૂર પ્રશંસા કરી હતી. સાથે-સાથે મોદીને અભિનંદન પણ પાઠવ્યા હતા. એલ.કે. અડવાણીએ હિન્દ સરદાર પુસ્તકનું અને રીંગટોનનો પ્રારંભ કરાવતા સરદાર સાહેબના વિરાટ વ્યક્તિત્વની વિશ્વની પેઢીઓ સુધી અનુભૂતિ આ સ્ટેચ્યુ ઓફ યુનિટીના નિર્માણથી થશે એમ જણાવી મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીના આ ભગીરથ સંકલ્પ માટે અંતઃકરણથી અભિનંદન આપ્યા હતા. દેશની એકતા અને દેશની શ્રેષ્ઠતાનું આ સરદારનું વિરાટ સ્મારક વિશ્વનું સૌથી ઉંચું સ્મારક બનશે તેમ અડવાણીજીએ ગૌરવપૂર્વકૉ જણાવ્યું હતું.


દિવાળીના પર્વોમાં પધારો...
મીની પાવાગઢ ધામ
અંબોડના આંગણે
મહાકાળી માતાના મંદિરે
શ્રી મહાકાળી સેવા ટ્રસ્ટ અને
અંબોડ - આનંદપુરા ગ્રામજનો

ટ્રક વેચવાની છે
MODL - 2004/2005
અશોક લેલેન્ડ ચાલુ કન્ડીશનમાં
ટ્રેલર (૪૦ ફુટ-કન્ટેનર માટે)
સંપર્ક : સચેતા મેટલ્સ લિમિટેડ
મોબાઈલ : +૯૧-૯૩૨૭૭ ૬૧૨૮૬ / ૦૨૭૭૦-૨૨૧૨૩૯, ૨૨૧૭૩૯
ફેક્સ નં. : ૦૨૭૭૦-૨૨૦૮૩૯ ● Email : sacheta@sacheta.com

વળતર
ઓફર 20%
પડદાના કાપડ ઉપર
ભારત હેન્ડલુમ | સર્વોદય હેન્ડલુમ

ગાંધીનગરમાં જાહેરાત માટેનું અસરકારક માધ્યમ
ગાંધીનગર સમાચાર
ફોન - ૨૩૨૨૨૫૭૧
ફોન - ૨૩૨૩૭૫૭૧

સૌરાષ્ટ્ર રચનાત્મક સમિતિ રાજકોટ સંચાલિત
ગાંધી જયંતિ નિમિત્તે ખાદીમાં વિશેષ વળતર
ગુજરાત ખાદી : ૨૫% વળતર
ગુજરાત ખાદી તૈયાર કપડાં : ૨૫% વળતર
પરપ્રાંત ખાદી : ૧૫% વળતર
પરપ્રાંત ખાદી તૈયાર કપડાં : ૧૫% વળતર
રેશમ ખાદી : ૧૫% વળતર
ખાદી ગ્રામોદ્યોગ ભવન
સેક્ટર - ૧૬, ગાંધીનગર.
ફોન :- ૨૩૨ ૨૨૩૩૩
બ્રાન્ચ
ખાદી ગ્રામોદ્યોગ ભવન
સ્વામી વિવેકાનંદ બજાર, કિર્તિધામ સામે, વાવોલ.
• સમય : ૧૦:૩૦ થી ૭:૩૦ • રીશેષ ૨:૩૦ થી ૩:૩૦
ખાસ નોંધ : તા. ૩/૧૧/૨૦૧૩ના રોજ કેન્દ્ર પર વેચાણ ચાલુ રહેશે.

અભય
Government Approved Contractor

SANGHI CEMENT
C. C. C. (Customer Care Centre)
Gandhinagar District
VINAYAK 500
TMT BARS - ISI
ડીસ્ટ્રીબ્યુટર - ઉત્તર ગુજરાત
તાલુકા પ્રમાણે ડિલર આવકાર્ય છે.
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
શાખા : સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨ ૮૭૮૭૭, ૨૩૨૮૭૩૨૨
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સાવન વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ


Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી એલાઈડ ઓફસેટમાં છાપ્યું, બ્લોક નં. ૯૮૩/૨, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com